# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૩૧ ● સળંગ અંક : ૧૩૫ ● તા.૦૯ જાન્યુઆરી થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## પ્રબળ આત્મવિશ્વાસને લીધે હાસિલ કર્યું ઈન્ટરનેશનલ મેકડોનાલ્ડ કંપનીની એડમાં સ્થાન




## સાંયરા નિવાસી

## પૌલમી ભદ્રેશ પટેલની ગૌરવ ગાથા


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**


Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સુખી જીવનની ચાવીઓ

દોસ્ત કે દુશ્મન બનાવવા આપણા હાથની વાત છે. આપણા પોઝિટીવ વિચાર, સરળ વ્યવહાર અને આત્મીયતા ભર્યું વર્તન સરળ અને નિખાલસ જીવનનો રાજમાર્ગ બનાવે છે. જે લોકોને આપણા દોસ્ત બનાવે છે અને અક્કડ વર્તન નિરંકુશ વાણી અને તોછડાઈ ભર્યો વ્યવહાર આચાર ડગલે પગલે દુશ્મનો ઊભા કરે છે. કેટલીક વાતો શીખવાની હોય છે તો કેટલીક વાતો સમજવાની હોય છે. આદર્શ અને ઉપયોગી અમુક વાતો જાણેલી હોય તો કામ આવે એવી બની શકે છે.

૧) કામ સ્થળે કામને લગતી ચિંતા કરવી અને ઘરમાં ઘરની વાતોમાં પૂરે પૂરૂ ધ્યાન આપવું. સંતાનોને માત્ર સુખ નથી જોઈતું, વડીલનું સાંનિધ્ય અને હેત પણ જોઈએ છે. એ ધ્યાનમાં રાખો.

૨) આપણી પોતાની ખાનગી વાત કોઈ પાસે કરવી નહીં. કારણકે અંગત વાત વધુ વખત અપ્રગટ રહેતી નથી. વહેલી તકે જાહેરમાં પ્રસરી જાય છે.

૩) નિષ્ઠુર ન બનવું ને સાથો સાથ વધુ પડતા લાગણીશીલ પણ ન બનવું.

૪) જેમ હાથની પાંચ આંગળીઓ સરખી નથી. એમ પરિવારના પાંચ જણના સ્વભાવ અલગ હોવાના તેમની પ્રકૃતિ બદલવાની કોશિષ ન કરો. સૌને પોતાની રીતે વર્તવાની મોકળાશ આપો.

૫) સરળ અને સીધી પ્રકૃતિના રહો પણ સજાગ થઈને રહો. કોઈ છેતરી ન જાય, આપણી સરળતાનો લાભ ન લઈ જાય એ જુઓ.

૬) જીવનમાં બધે બધું મળી જાય એ જરૂરી નથી. કેટલું ગુમાવીને પણ અધિક મળે છે. આપવાનું અનેરૂ મહત્વ છે. જે આપે છે તે જ મેળવે છે એ યાદ રાખો.

૭) શક્તિ અને સામર્થ્ય હોય એટલું જ મળે એવી આકાંક્ષા રાખો, ગજા ઉપરાંતનું મળે એ પણ જીરવવાની તાકાત હોવી જોઈએ. જેટલું થઈ શકે એટલી જ કામના ધરાવો નથી કરી શકવાના તેનો મોહ છોડી દો.

૮) દુનિયા આપણે ન હતા ત્યારે હતી, આપણે છીએ ત્યારે પણ છે. એટલે આપણા વગર દુનિયાનો વ્યવહાર અટકી જશે એવો ખ્યાલ પણ મનમાં ન ધારવો.

૯) કોઈ પણ બાબતમાં ખોટી ઉતાવળ કરવી નહીં. ઉતાવળ કર્યા પછી નિરાંતે પસ્તાવવું એના કરતાં શાંત ચિતે વિચારવું, ચાલવું અને ભોજન કરવું. જે આરોગ્ય માટે તેમજ જીવન વ્યવહાર માટે સારૂ છે.

૧૦) વર્તમાન સમક્ષ નજર રાખવી. ભવિષ્યની ચિંતા ન કરવી અને ભૂતકાળને ભૂલી જવું. માત્ર અગાઉ થઈ ગયેલ અનુભવને નજર સમક્ષ રાખવા.

૧૧) બધા આપણી સાથે સંમત હોય એ જરૂરી નથી. દરેકે દરેક આપણા વિચાર, વર્તનના સમર્થક હોય એવી અપેક્ષા પણ રાખવી નહીં. દરેકને પોતાના ગમા અણગમા હોય છે. એનો નિખાલસતાથી સ્વીકાર કરો.

૧૨) બધા કામ એક સાથે કરવાની કોશિષ ન કરવી. આનાથી એક પણ કામ સફળતા ને નહીં વરે.

૧૩) જે નથી મળ્યું તેનો અફસોસ ન કરવો, જીવનમાં જે મળ્યું છે તેનો આનંદ માણો.

૧૪) જે મળ્યું એ હરિકૃપા અને જે નથી મળ્યું એ હરિ ઈચ્છા. એ સંતોષ અને સમાધાન હૈયે સદાય રાખો.

– જય જ્ઞાતિમૈયા

# રાગ અને દ્વેષ

સુખ, સંતોષ અને આનંદનો દુશ્મન દ્વેષ છે. કોઈની સાથે વેરભાવ રાખવો, કોઈની ઈર્ષા કરવી, શત્રુવટ રાખવી, એ પાપનું બંધન બાંધવાનું કર્મ છે. દ્વેષ જેટલો ઘૂંટાશે એટલા નાહકના બદલા ચૂકવવા પડશે. એવું સંતો મહાત્માઓ કહે છે. ઓળખીતા કે અજાણ્યા વ્યક્તિઓ ઉપર આપણને દ્વેષ છૂટે એ પૂર્વ ભવની આપણી ખોટી લેણ દેણ છે. દ્વેષ કરનારનું સ્તર ઉત્તરોતર કથળ્યા કરે છે. માટે જાગૃતિ વરતાવી રાગ-દ્વેષ, વેરભાવ, શત્રુવટ પર નિયંત્રણ રાખવુ એ મહાધર્મ છે.

ધર્મ સ્થાનો કે ધાર્મિક ક્રિયાઓ દરમ્યાન દ્વેષ ભાવ જરીએ ન રાખવો. મન ગમે તેટલો છળપછડાટ કરે, બેબાકળું થાય પણ અંકુશ રાખવો, ધૈર્ય રાખવું. એ મહાન સાધના છે. રાગ અને દ્વેષ સંબંધ એ એક મોટો ભેદ એ છે કે રાગ મનુષ્યો તેમજ વસ્તુઓ પ્રત્યે થાય છે. જ્યારે દ્વેષ માત્ર મનુષ્યો પ્રત્યે જ થાય છે. દ્વેષનું મૂળ અજ્ઞાનતા છે. જે વસ્તુઓ આપણા હકની નથી તેને આપણી માની લીધી. તેનો કોઈ કબજો કરી લે, આપણાથી છીનવી લે તો તેના પર ક્રોધ પ્રગટે. મનુષ્યને ક્રોધ આવે એટલે એનામાં અભિમાન જાગે છે અને તે દ્વેષ રૂપે પ્રગટ થાય છે. હું બધાથી મોટો છું ની ભાવના પ્રગટ થવી એ અભિમાન, ગુમાનની નિશાની છે. જેને લીધે બીજાઓને હલકા ગણે છે. બીજાઓ પ્રત્યે તિરસ્કારની દ્રષ્ટિથી જુએ છે. જે તિરસ્કાર અંતે વૃદ્ધિ પામી દ્વેષમાં રૂપાંતર પામે છે.

દ્વેષ આમ તો નાની બાબતથી જન્મે છે. પહેલાં બે વ્યક્તિઓ વચ્ચે અણબનાવ, અટંસ કે મતભેદ થાય. જે સમય જતાં વૃદ્ધિ પામી જડ થઈ જાય છે. કઠણ કે સખત થઈ જાય છે. જેથી લાંબા સમય પછી તેને કાઢવું કઠણ થઈ પડે છે. માટે દરેક અવગુણો પ્રવેશે એ પહેલાં તેને બહાર જ રોકી રાખો. કારણ કે અંદર જતાં તેના જડમૂળ ફેલાઈ જઈ આત્માને લપેટી લેશે. જેને લીધે આપણો વિકાસ, સદ્‌ભાગ્ય, રિદ્ધિ સિદ્ધિ, સુખ સમૃદ્ધિને શાંતિ મંદ પડશે. તેના ગુણોને કાર્યોની અસર અંદરો અંદર લુપ્ત થતી જશે અને આત્માનો વિનાશ કરશે. માટે કષાયોની ઓળખ માટે સતત સજાગ, સાવધ રહી, દ્વેષ નામના પાતકથી સદૈવ બચો. ગુણાનુરાગી આત્માના જગમાં કીર્તિ ફેલાય છે. કારણ કે આ ઉત્તમ વ્યક્તિઓ લોકોમાં પોતાના ગુણોને કારણ પ્રિય, બને છે ને જન્મજન્માંતરમાં ઉત્તમ કુળ પ્રાપ્ત કરીને પોતાનો આત્મોત્થાન કરી શકે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પ્રબળ આત્મવિશ્વાસને લીધે હાસિલ કર્યું ઈન્ટરનેશનલ મેકડોનાલ્ડ કંપનીની એડમાં સ્થાન

## જમણો હાથ ગુમાવ્યા છતાં હિંમત ન હારનાર સાંયરા નિવાસી બહાદુર દિકરી પૌલમી પટેલ જોતવાનીની સંઘર્ષ અને વિજયગાથા!




ડાબેથી પિતા ભદ્રેશ પટેલ(મોમાયા), પતિ સંદિપ જોતવાની,
દિકરી મહેર સાથે પૌલમી પટેલ-જોતવાની અને મમ્મી રાજુલ પટેલ(મોમાયા)

**પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કાર્યનો જનક છે આ વાક્યને સચોટ અને સારી રીતે પૂરવાર કરી છે આપણા સમાજના સાંયરા પ્રમુખ ભદ્રેશ પટેલની દિકરી પૌલમી પટેલ જેણે પોતાનું જીવન આત્મબળ અને માતા પિતાના સાથથી આ લડતને માત આપી ઊંચાઈના શીખરને આંબી છે.**

આજકાલ અખબારોમાં પરીક્ષામાં નિષ્ફળતા કે નોકરી ગુમાવવા જેવી થોડી પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવાનો આવે તો યુવાનો ડરીને, નાસીપાસ થઈને કે જિંદગીથી હારી જઈને આત્મહત્યા કરવાના કે ડિપ્રેશનમાં સરી જવાના સમાચાર વાંચવા મળે છે. આવા લોકોએ મુલુંડની પૌલમી પટેલ જોતવાનીના સંઘર્ષની કથનીમાંથી પ્રેરણા લેવા જેવી છે.

૨૦૦૧ સુધી ૧૨ વર્ષની પૌલમી પટેલ જોતવાની માટે દર વેકેશનમાં હૈદ્રાબાદમાં તેના કાકાના ઘરે તેના કઝીન્સ સાથે સમય વિતાવવો એ એક વાર્ષિક કાર્યક્રમ હતો. એક દિવસ બપોરે આ છઠ્ઠા ધોરણમાં ભણતી બાળકી અને તેના કઝીન્સએ તેમના બીજા માળે આવેલા ઘરમાં 'માછલી પકડવાની' રમત રમવાનું નક્કી કર્યું. ઘરના મોટેરાઓ જ્યારે બપોરની ઊંઘ માણી રહ્યા હતા ત્યારે આ બાળકીઓએ રમકડાનું એક નાનું વાસણ 'બેઈટ' તરીકે એક લાકડી સાથે બાંધ્યું અને તેને બહાર ફંગોળ્યું. એ લાકડી પૌલમીના હાથમાંથી છટકી ગઈ અને એક વાયરમાં ફસાઈ ગઈ. એ કપડાં સુકાવવાનો વાયર હશે એમ ધારીને પૌલમીએ તેને પકડ્યો. દુર્ભાગ્યવશ તે ૧૧,૦૦૦ વોલ્ટના વીજપ્રવાહનું વહન કરતો એક જીવંત વાયર હતો જેણે પૌલમીને ઝટકો આપ્યો. ત્યાર પછી એક ક્ષણાર્ધ માટે પૌલમી એક સ્ટીલની ખુરશીને અડી ત્યારે એ વીજપ્રવાહમાં વધારો થયો. તેણે એક ચીસ પાડી અને બેભાન થઇ ગઈ. આખા ઘરમાંથી વીજળી ચાલી ગઈ અને તેનું ઉઝરડા પડેલું શરીર જમીન પર પાછું ફેંકાઈ ગયું.

ચીસ સાંભળીને દોડી આવેલા તેના કુટુંબીજનોએ જોયું કે તે બળેલી અને લોહીથી નિંગળતી હતી. વીજળીના કરન્ટના ઝટકાથી તેના કપડાં પણ ફાટી ગયાં હતાં. તેમણે પૌલમીને બનતી ત્વરાએ હૈદ્રાબાદની એપોલો હોસ્પિટલમાં દાખલ કરી.

જ્યારે ફોન કરીને તેના માતા-પિતાને બોલાવવામાં આવ્યા ત્યારે તેનામમ્મી રાજુલબેન તો પૌલમી સાથે કોઈ ગંભીર ઘટના ઘટી હશે એમ માનવા પણ તૈયાર નહોતાં, પરંતુ તેના એન્જિનિયર પપ્પા ભદ્રેશભાઈ પટેલને કંઇક મોટા પાયે ખોટું

# પ્રબળ આત્મવિશ્વાસને લીધે હાસિલ કર્યું ઈન્ટરનેશનલ મેકડોનાલ્ડ કંપનીની એડમાં સ્થાન

### સ્ટીલ વ્યવસાય સાથે સંકળાયેલા ભદ્રેશ પટેલ આયર્નમેન બની સંકટમાં અડગ રહ્યાં



**ભદ્રેશ પટેલ (મોમાયા)**

સ્ટીલ બિઝનેસ સાથે સંકળાયેલા પૌલમીના પપ્પા ભદ્રેશ પટેલ-મોમાયા નાની ઢીંગલી જેવી લાડકી પુત્રીની પીડા જોઈને ભલભલાના ગાત્રો ઢીલા થઈ જાય પણ તેમને અસ્વસ્થ જોઈ પરિવારજનો નબળા ન પડે એ માટે મન મક્કમ રાખી સાવજ જેવી હિંમત ધરાવી પુત્રીની પીડા હળવી થાય એવા સતત પ્રયત્ન કરતા રહ્યા હતાં.



થયું હોવાનો અંદેશો આવી ગયો. તેઓ પહેલી ફ્લાઈટ પકડી હૈદરાબાદ આવ્યા.

હૈદ્રાબાદની એપોલો હોસ્પિટલના આઈસીયુમાં પોતાની બ્યુટીફૂલ પુત્રીને સંપૂર્ણપણે પાટાપીંડીમાં વીંટળાયેલી જોઇને તેના મમ્મી-પપ્પા ભાંગી પડ્યા. પૌલમીની ૭૫-૮૦ ટકા ચામડી દાઝી ગઈ હતી.

એ ગોઝારા દિવસો યાદ કરતાં પૌલમી કહે છે, ડોકટરોએ કહ્યું કે હું જીવતી રહી એ જ એક ચમત્કાર હતો, કારણ કે આ પ્રકારના ઘણખરા કેસીસમાં પેશન્ટનું સ્થળ પર જ મૃત્યુ થતું હોય છે. વીજળીનો પ્રવાહ મારા જમણા હાથમાંથી દાખલ થઈને ડાબા પગમાંથી બહાર નીકળ્યો હતો.મારો જમણો હાથ ગંભીર રીતે ઘવાયો હતો તો મારા ડાબા પગમાં ચામડી કે સ્નાયુઓ બચ્યા નહોતા. હું એક અઠવાડિયા સુધી બર્ન્સ વોર્ડમાં નિર્વસ્ત્ર અવસ્થામાં પડી રહી. જયારે મારા જમણા હાથમાં ગેંગ્રીન ફેલાવાની સંભાવના હતી  તે પહેલા મુંબઈથી ડોકટરોને બીજા અને ત્રીજા અભિપ્રાય માટે બોલાવવામાં આવ્યા. હોસ્પિટલમાં દાખલ કરાયાના એક અઠવાડિયાની અંદર મારો જમણો હાથ કાપી નાખવામાં આવ્યો.

એક મહિના સુધી હૈદ્રાબાદની હોસ્પિટલમાં રહ્યા પછી ડોકટરોને જયારે લાગ્યું કે પૌલમીમાં હવે પ્રવાસ કરવા જેટલી શક્તિ આવી ગઈ છે ત્યારે તેને એર એમ્બ્યુલેન્સમાં મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવી. ત્યાર પછીના આઠ મહિના દરમ્યાન પૌલમીને સારવાર માટે ચાર હોસ્પિટલ બેડ્સ બદલી.

પોતાની સારવાર અંગેની વિગતો આપતાં પૌલમી કહે છે, મારા ઉપર ૫૦ જેટલી કરેક્ટીવ અને રી- કરેક્ટીવ સર્જરી કરવામાં આવી. ડોક્ટર્સ મારો ડાબો હાથ અને પગ બચાવવા માગતા હતા. પરંતુ મારા ડાબા પગ ઉપર ચામડી કે મસલ્સ બચ્યા ન હોવાથી મારા ડાબા હાથને કાર્યક્ષમ બનાવવા તેમણે મારું પેટ (એબ્ડોમેન) ચીરીને ત્યાનું માંસ મારા ડાબા હાથમાં આરોપિત કરવાનો નિર્ણય લીધો. ૧૨ કલાક ચાલેલી અન્ય એક સર્જરીમાં મારા પગના મસલ્સ (કાલ્વ્સ) અને ૧૨ ઈંચ લાંબા જ્ઞાનતંતુને મારા ડાબા હાથમાં પ્રત્યારોપિત કરવામાં આવ્યા. જો કે તેના ડાબા હાથમાં સંવેદના પાછી આવી છે પરંતુ હજી તે અર્ધ-કાર્યક્ષમ છે. તેને હજી બટન બીડવામાં, વાળ બાંધવામાં કે પીન ઊંચકવામાં મુશ્કેલી પડે છે.

મને હજી યાદ છે હું મારી મમ્મીને સતત પૂછતી હતી કે મને શું થયું છે. મારો જમણો હાથ હવે નથી એ વાત હું સ્વીકારી શકતી નહોતી. અને મારી મમ્મી મને સાંત્વના આપવા કહેતી કે મારો હાથ ફરીથી ઉગી આવશે એમ પૌલમી

# પ્રબળ આત્મવિશ્વાસને લીધે હાસિલ કર્યું ઈન્ટરનેશનલ મેકડોનાલ્ડ કંપનીની એડમાં સ્થાન

**મમ્મી રાજુલ પટેલ એ મન મક્કમ કરી પૌલમીને પીઠબળ આપ્યું**



રાજુલ પટેલ (મોમાયા)

એકનું એક સંતાન જે રમવાની ઉંમરે પથારી વશ થઈ જાય, પંગુ થઈ જાય, સતત પીડાથી કણસે. આ હાલત કઈ મમ્મી જોઈ શકે, સહી શકે. તે છતાં પૌલમીને કપરા સમયમાં બેક બોન બનીને રાજુલ પટેલ-મોમાયા. સતત પોતાની પુત્રીને આનંદ ભરી ક્ષણો આપવા સતત પ્રયત્ન કરતાં. હૈયું રડતું છતાં મોંઢા ઉપર સ્મિત રાખી પૌલમીના પ્રેરક બની રહ્યાં.



હસીને કહે છે.

તેના પેરેન્ટસ, ભદ્રેશ અને રાજુલ પટેલ (મોમાયા) તેના માટે આધાર સ્થંભ સમાન બની રહ્યા. તેને યાદ છે કે એ સમયે તેના અતિ ગંભીર પ્રશ્નોના જવાબ પણ તેઓ કેવી આનંદકારક રીતે આપતાં હતાં. પરંતુ મને હોસ્પિટલમાં મળવા આવનાર અમુક લોકો ઘણીવાર મારા મમ્મી-પપ્પાને મારી જિંદગી હવે ખલાસ થઇ ગઈ છે જેવી ખૂબ ઉદ્ધત અને ક્રૂર વાતો કહેતા. હું તેમની જીજ્ઞાસાની એક વસ્તુ બની ગઈ હતી. તેઓ જયારે મારા મમ્મી-પપ્પાને મારા ઘાવ બતાવવાનું કહેતા, મારા કપાયેલા હાથ તરફ જોઈ રહેતા, મારું બ્લેન્કેટ હટાવીને મારું શરીર કેવું લાગે છે તે તરફ આંગળી ચીંધતા ત્યારે મને અતિશય દુ:ખ થતું. પૌલમી કહે છે.

પરંતુ તેના મમ્મી-પપ્પાએ લોકોના આવા અપમાનજનક અને હીન વર્તનને સહન ન કરવાનું નક્કી કર્યું. મારા પપ્પાએ એક સાદો નિયમ બનાવ્યો. તેમણે કહ્યું કે કોઈ મારી સાથે વાત કરી શકશે નહીં. મને મળવા માટેની એક જ શરત હતી કે મળવા આવનાર મને એક જોક કહે અને તેના બદલામાં હું એક જોક સંભળાવું. ખરેખર હું તમને કહી શકતી નથી કે આ બાબતે મને સાજા થવામાં કેટલી મદદ કરી. અઠવાડીયાના સાતેય દિવસ ૨૪ કલાક એ ૪ બાય ૪ના રૂમમાં પડી રહેતી હું લોકોને મળવા અને જોક્સ શેર કરવાની વાટ જોતી રહેતી. પૌલમી કહે છે.

પૌલમી સાથે તેની શાળાના પ્રિન્સિપાલ અને શિક્ષકો બહુ સપોર્ટીવ હતા. તેઓ જાણતા હતા કે પૌલમી માટે શરૂઆતમાં શાળામાં આવવાનું મુશ્કેલ હશે. તેથી તેને ઘરે નોટ્સ મોકલવામાં આવી અને તેના બેચ સાથે અભ્યાસ ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવી. તેણે અભ્યાસમાં ખૂબ મહેનત કરી અને સારા માર્ક્સ મેળવ્યા.

એ જ વર્ષે તેના ઉપર કૃત્રિમ હાથ (પ્રોસ્થેટિક હેન્ડ) બેસાડવામાં આવ્યો. તે અંગે વાત કરતાં પૌલમી કહે છે, પ્રોસ્થેટિક હેન્ડનો ઉપયોગ કરવાનું ખૂબ મુશ્કેલ હતું. એ વજનદાર હતો અને મારો કપાયેલો હાથ બહુ કોમલ હતો. સૌ પ્રથમ હું હાથને ઉચકતાં શીખી. ધીરે ધીરે હું લખવા માટે પ્રયત્ન કરવા લાગી. શરૂઆતમાં દરેક અક્ષર આખા પેજમાં સમાય એટલો મોટો લખાતો. પરંતુ હું હિંમત ન હારી અને દરરોજ ખંતપૂર્વક પાંચ પેજ ભરીને લખવા લાગી. એ સમયે હું બાળકો માટેની નવલકથા મટીલ્ડા વાંચતી હતી. મેં તેની સંપૂર્ણ વાર્તા કોપી કરવાનો નિશ્ચય કર્યો. એ પુસ્તકના અંત સુધી પહોંચતા

# પ્રબળ આત્મવિશ્વાસને લીધે હાસિલ કર્યું ઈન્ટરનેશનલ મેકડોનાલ્ડ કંપનીની એડમાં સ્થાન



સુધીમાં હું એક લાઈનમાં એક વાક્ય લખતાં શીખી ગઈ હતી.

પૌલમીએ મુંબઈની પ્રતિષ્ઠિત પોદાર કોલેજમાંથી બી.કોમ અને નરસી મોનજી ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝમાંથી આન્ત્રપ્રિન્યોરશીપ એન્ડ ફેમિલી બિઝનેસ વિષયો સાથે એમબીએની પરીક્ષા પાસ કરી અને હાલ તે હેવી મશીનરીના કૌટુંબિક વ્યવસાય, સ્ટીલ પ્રોજેક્ટ્સ (ઇન્ડિયા) પ્રા.લિ.નું ડાયરેક્ટર પદ સંભાળે છે. ૨૦૧૪માં તેણે તેના બચપણના મિત્ર સંદીપ જોતવાની સાથે લગ્ન કર્યાં. તેમની લવસ્ટોરી એક નવલકથા લખવા લાયક છે. છેક શરૂઆતથી સંદીપ પૌલમીનો નક્કર સપોર્ટ બની રહ્યો છે. આ પ્રેમાળ દંપત્તિને મહેર નામની મીઠડી દીકરી છે જેને તેઓ એક બહાદૂર બાળા બનાવવા માગે છે.

આજે પૌલમી ડ્રાઈવિંગ કરી શકે છે, લખી શકે છે, બંજી જમ્પિંગ અને સ્કાય ડાઈવિંગ કરી શકે છે. તે તેની શ્રેષ્ઠ સાહસભરી જિંદગી જીવી રહી છે અને દરેકને એવી જ રીતે જીવવા પ્રોત્સાહન આપી રહી છે. તેણે અનેક મોટીવેશનલ સ્પીચ અને પ્રેરણાત્મક વક્તવ્યો આપ્યાં છે અને ૧૬ વર્ષની નાની ઉમરથી લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલની યુથ વિંગ લિયો ક્લબ સાથે સંકળાયેલી છે.

મુલુંડમાં લીઓ કલબના પ્રથમ મેમ્બર બનીને પૌલમીએ લીઓ કલબ ઓફ બોમ્બે સર્વોદય નગરની શરૂઆત ચાર્ટર પ્રેસિડેન્ટ તરીકે કરી હતી અને તેની નેતૃત્વ શક્તિથી ૨૦૧૨-૧૩માં ડિસ્ટ્રીક્ટ પ્રેસિડન્ટ પદ સુધી પહોંચી હતી.

મારા માટે એક અપંગ વ્યક્તિની જેમ જિંદગીની બધી ખુશીઓ છોડીને નિષ્ક્રિય બની રહેવું સહેલું હતું, પરંતુ મેં જિંદગીને એક ઓર મોકો આપવાનું નક્કી કર્યું. મારી મમ્મીએ એવા અનેક લોકો સાથે મારો સંપર્ક કરાવ્યો જેમણે પોતાના હાથ-પગ ગુમાવ્યા હોય કે પ્રોસ્થેટિકનો ઉપયોગ કર્યો હોય. જ્યારે હું તેમની સાથે હળીમળી ત્યારે મેં જાણ્યું કે હું એકલી નથી અને એનાથી મને મારી મરજી મુજબની જિંદગી જીવવાનો પ્રયત્ન કરવાની પ્રેરણા મળી. બધા અવરોધોને હસતા મુખે સામનો કરી તેમાંથી પાર ઉતરવાનું નામ જ જિંદગી છે!

**પૌલમી પટેલની મેકડોનાલ્ડ એડવર્ટાઈઝ લીંક**

**CLICK HERE**

પૌલમીએ મેકડોનાલ્ડની ઇન્ટરનેશનલ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે તેમની એક પહેલ ઈટક્વાલ - જે હાથનું હલનચલન મર્યાદિત છે એવા લોકોને મદદરૂપ પેકેજિંગ છે - તેની જાહેરખબરમાં પણ કામ કર્યું છે, એક વર્ષની વયે પૌલમીએ બોન બોન ગ્રાઈપવોટરની ટીવી એડમાં કામ કર્યું છે, તથા કુછ કુછ હોતા હૈ ફિલ્મમાં પણ કામ કરેલ છે જે એક ગૌરવપ્રદ બીના છે.

અંતમાં સંદેશ આપતાં આ બ્યુટીફુલ અને અનોખી મહિલા કહે છે, મેં જિંદગીના બન્ને પાસાં જોયાં છે - એક શારીરિક રીતે સક્ષમ વ્યક્તિ તરીકે અને એક પંગુતાને સફળતાપૂર્વક માત આપનાર વ્યક્તિ તરીકે. હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે આ બધો જિંદગીનો એક ભાગ છે. ક્યારેય હથિયાર હેઠા મુકશો નહીં. ક્યારેય અટકશો નહી. જિંદગીમાં ખૂબ બધું કરવા જેવું છે અને જીતવા માટે આખું વિશ્વ છે. મારો એક હાથ નથી તો શું થયું, હું તે છતાં પણ શ્રેષ્ઠ જિંદગી જીવીશ.

પૌલમી ખરેખર ઉચ્ચ આકાશમાં ઊડવા પેદા થઇ હતી અને જુઓ તે હવે કેટલી સુંદર રીતે આભને આંબી રહી છે!

# સીરમ ઈન્સ્ટિટ્યૂટ પૂનાની કોરોના વેક્સિન 'કોવિશીલ્ડ' બનાવવામાં યોગદાન છે પ્રિયા મૈશેરી-રાયપુરનું



કચ્છ નાની સિંધોડી હાલે રાયપુરની પ્રિયા મૈશેરીનું પ્રાથમિક શિક્ષણ આ શહેરમાં જ થયું છે. હાલે તે સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં ક્લિનિકલ રિસર્ચરના પદ પર મુંબઈમાં કાર્ય ફરજ પર છે. સમગ્ર વિશ્વમાં છેલ્લાં ૧૦ મહિનાથી કોરોના મહામારીના ભરડામાં સપડાયેલ છે અને વૈજ્ઞાનિકો તેની સફળ રસીની શોધમાં દિવસ રાત એક કરી રહ્યાં છે. આખરે કોરોના વાયરસ ઉપર સફળ ઈલાજ થાય એ માટેની વેક્સિન શોધાઈ હોવાના દવા કુંનીઓના પ્રયત્નોને યશ મળ્યો છે. ઘણા દેશોમાં તેના સફળ ટ્રાયલ થયા પછી નાગરિકોને રસીકરણ કરાઈ રહ્યું છે.

આપણા દેશમાં બે દવાની કંપનીઓને વેક્સિનની મંજૂરી અપાઈ છે. જેમાં એક છે પૂનાની સીરમ ઈન્સ્ટિટ્યૂટ. આ કુંપનીની કોરોના વેક્સિન કોવિશીલ્ડ શોધનાર વૈજ્ઞાનિકોની ટીમમાં છતીસગઢ રાજ્યની રાજધાની રાયપુર શહેરના પ્રતિષ્ઠિત નાગરિક પ્રવીણ મૈશેરીની હોનહાર પુત્રી પ્રિયા મૈશેરીનું પણ યોગદાન છે. જ્યારથી કોરોના મહામારીના દેશમાં પગપેસારો થયો ત્યારથી તેના સફળ ઈલાજ માટે રિર્સચરોની ટીમ કામ લાગી ગઈ હતી જેને આખરે યશ મળ્યો છે.

કોરોના વેક્સિન વિષે વધુ માહિતી આપતા PHD (Pharma), M.Pharmacy ની ડિગ્રી મેળવેલ પ્રિયા મૈશેરીએ જણાવ્યું કે એક કારગત રસી બનાવવાની પ્રક્રિયા દસથી બાર વર્ષ લાંબી હોય છે. જે અક્સીર નિવડશે કે નહીં તે માટે વિવિધ માપદંડ ઉપર ખરાઈ પર ઉતરવું પડે છે. દવા ટિકડી આપવાથી તેને લીધે રોગી ઉપર આડ અસર અગર કંઈ થાય તો તે બંધ કરી શકાય છે અથવા ટિકડીનો ડોઝ ઓછો આપી શકાય છે. જ્યારે વેક્સિનનો ઉપયોગ તેનાથી વિપરીત છે. કોઈ એકને વેક્સિનનો પૂરો ડોઝ આપવો પડે છે જે સમગ્ર શરીરમાં ફેલાઈ જાય છે. જેથી રસી સફળતાપૂર્વક બને એ માટે પરીક્ષણો વિવિધ વય ગટોના નાગરિકો ઉપર કરી તેની યર્થાથતા સિધ્ધ કરવી પડે છે.

કોવિશીલ્ડની ફોર્મ્યુલા એક્સપર્ટ એ ડેવલોપ કરી છે જેનું ઉત્પાદન સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા થયું છે. લગાતાર છ માસની ટ્રાયલ રન થઈ જે સફળ થયા બાદ હવે તે ઈલાજ માટે ઉપલબ્ધ થશે. રસી આપનાર ટીમ પણ સફળ રીતે ટ્રેનીંગ કરી એક્સપર્ટ થઈ હોવી જોઈએ. કારણકે તેઓ દ્વારા થનારી કોઈપણ એક ભૂલ મોટી સમસ્યા ઊભી કરી શકે. માટે સમગ્ર દેશમાં ડ્રાયરન (ટ્રાયલ રન)નો તબક્કો ચાલુ છે. જે પૂર્ણ થયા બાદ લગભગ તા. ૧૪ જાન્યુઆરીથી દેશભરમાં રસી આપવાની શરૂઆત થઈ શકાશે.

કોરોનાને મહાત કરનારી રસીના સંશોધનમાં યતચિંત ફાળો આપી માનવતાના મહાયજ્ઞમાં સહભાગી થનાર જ્ઞાતિની ટેલેન્ટેડ સાયન્ટિસ્ટ ક્લિનીક રીચર્સસમાં પ્રિયા મૈશરીને અભિનંદન.

# શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલીની નવી ટીમની જાહેરાત

છેલ્લા ૫૦ વર્ષથી શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીમાં વર્ષોવર્ષ નવા અને ઉત્સાહી કાર્યકરો જોડાય છે અને ડોંબિવલીમાં આપણા વસતા ભાઈઓની વધુમાં વધુ સેવા કરે છે આગામી ૩ વર્ષ માટે શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીની નવી ટીમની જાહેરાત થઈ ગઈ છે. આ ત્રણ વર્ષનું સુકાન વિજયભાઈ વિસનજી સોનીને સોંપવામાં આવ્યું છે તેમણે તેમના સાથીદારોને પણ યોગ્ય સમિતિઓ આપવાનું ટૂંક સમયમાં જાહેર કરશે.





વિજય વિસનજી સોની
(વાંકુ) પ્રમુખ



જયેશ કુંવરજી લાલકા
(વારાપધ્ધર) ઉપપ્રમુખ





વિનય હિરાચંદ લોડાયા
(વારાપધ્ધર) સેક્રેટરી



અનુજ ગિરીશ લોડાયા
(રવા) જોઈન્ટ સેક્રેટરી



પ્રિન્સ વિનિત ધરમશી
(કોઠારા) ટ્રેઝરર



મુકેશ ખીમજી વિકમશી
(સુથરી ) જોઈન્ટ ટ્રેઝરર

## કમિટી મેમ્બર્સ



મહેન્દ્ર મેઘજી મોતા
(વારાપધ્ધર)



મુકેશ હિરાચંદ શિયાલ
(જખૌ)



વિપુલ લખમશી મોમાયા
(સાંયરા)



ગીરીશ ભવાનજી ખોના
(રંગપુર)



ભાવેશ રતિલાલ મોતા
(કુવાપધ્ધર)



ધવલ ઉમેશ ખોના
(સાંધવ)



જયેશ જીવરાજ લોડાયા
(સેવક ભરૂડિયા)



જિજ્ઞાબેન વિજય છેડા
(સુજાપર )



ભાવનાબેન ભરત મોમાયા
(નલિયા)



અર્ચનાબેન અમિત ખોના
(નલિયા)



મનિષાબેન હરેશ મોમાયા
(સાંયરા)

# સ્કોલરશીપ અને વિધવા સહાય યોજના કાર્ય માટે અથાક કાર્ય કરનાર કુણાલભાઈ તિલકચંદ ડાઘાનું સન્માન કરાયું





જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ માંડવી કચ્છ દ્વારા આયોજિત વયવંદના કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી કૃણાલભાઈ તિલકચંદ ડાઘા ગોસરસમા માંડવીને આમંત્રિત કરી માનપદ અપાયું હતું. આ કાર્યક્રમમાં ભારત સરકારની અલ્પ સંખ્યા જ્ઞાતિ શિષ્યવૃતિ માટે કચ્છથી થઈને કેરલા અને કાશ્મીરથી કન્યા કુમારી સુધી વિશેષ ઝુંબેશ ચલાવી આશરે ૮૦૦ જેટલા ફોર્મ ભરાવી વિદ્યાર્થીઓને લાભન્વિત થયા. તેમના કારગત પ્રયત્નોથી કચ્છ વિસ્તારમાં ગુજરાત સરકારની વિધવા સહાય યોજનામાં અનેક બહેનોને મદદ કરેલ અને ફોર્મ ભરાવવા સફળ પ્રયત્ન દ્વારા સમાજના જરૂરિયાત મંદને વર્ગને ઉપયોગી થતા રહે એવી આશા જેજેસી લેડિઝ વિંગ માંડવી કચ્છના પ્રમુખ ગીતાબેન એ વોરા અને મંત્રીઓ ડૉ, પારૂલબેન ગોગરી તથા ભારતીબેન પી. સંઘવી એ વ્યક્ત કરી હતી.

# નવકાર આલેખન અભિયાનમાં માત્ર ૧૨૫ જણાને ચાન્સ

નવકાર આલેખ અભિયાનના આયોજકો (સ્થળ : શિવમસ્તુ તીર્થ) દ્વારા જણાવાયું છે કે અમિત સુકૃત પરિવારના દ્વારા આયોજિત સવા લાખ નવકાર મંત્ર લેખનમાં ૨૦૦ નામમાંથી માત્ર ૧૨૫ જણાને ચાન્સ મળશે. બાકી નાને હવે પછીના બીજા રાઉન્ડમાં સમાવેશ કરાશે. મંત્ર આલેખનની શુભ શરૂઆત તા.૨૮ જાન્યુઆરી ૨૦૨૧ ગુરૂવારના સાંજે ૪ કલાકથી થશે.

- મુંબઈના આરાધકો માટે ૪ થી ૫ સ્થળે નવકાર લેખનની નોટબુક મેળવવાનું આયોજન ગોઠવાશે. ત્યાંથી નોટબુક મેળવી લેવાની રહેશે. સ્થળના નામોની હવે પછીથી જાહેરાત થશે.
- ગુજરાતના કોઈ છૂટક આરાધકો હશે તો કુરિયરથી મોકલી આપવામાં આવશે. કચ્છમાં માંડવી-ભુજ-અબડાસાના કોઈ સેન્ટરમાં વ્યવસ્થા કરાશે.
- નવકાર લેખન માટે બોલપેન દરેક એ પોતાની વાપરવાની રહેશે. નોટબુક આયોજકોએ આપેલી હશે તે જ ચાલશે અન્ય કોઈ પોતપોતાની બુક ચાલશે નહીં.
- વિશેષ સુચના આગામી દિવસોમાં અપાશે.

# સંજીવની કેસ નં. ૩૫ માટે રૂા. ૧.૫૦ લાખ સહાયની ટહેલ




વારાપધ્ધરના હાલે ડોંબિવલી રહેતા ૫૮ વર્ષીય લતાબેન કીર્તિકુમાર વિકમશી શ્રદ્ધા હોસ્પિટલ મુલુંડના આઈસીયુ યુનિટમાં તા. ૩૦ ડિસેમ્બરથી એડમીટ છે. તેમનો કોવિડ ટેસ્ટ નેગેટિવ આવ્યો છે. પણ તેઓ હાર્ટ ફેલિયર તેમજ હાઈપર ગ્લાયકેમિયા-ઈન્સુલિસન વિફલતા તથા મેલિટસ ડાયબિટિસની તકલીફ વ્યાધિથી પીડિત છે.

તેઓ નિવૃત પતિ અને નાના પાયે રોજગાર રળતાં પુત્ર સાથે રહે છે. વર્તમાનમાં તેમને રૂા.૨ લાખનો અંદાજિત ખર્ચ છે. પણ વિકમશી પરિવાર આંશિક મદદ રૂા.૧.૫૦ લાખ મળે એ માટે અરજ કરી છે.

આ મદદ ટહેલને ઉદાર દિલ જ્ઞાતિજનો હમેંશાની જેમ ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપી વહારે આવે એ અપેક્ષા સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ રાખે છે.

# ભુજ સંઘમાં ત્રિદિવસીય જિન ભક્તિ મહોત્સવ નિમિત્તે ભક્તામર સ્તોત્ર સ્નાત્રપૂજન દ્વારા ધર્મ આરાધના થઈ

તા.૮ જાન્યુઆરી શુક્રવાર માગસર દસમના રોજ શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણક પ્રસંગ પ.પૂ.રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.શ્રી કંચનસાગરજી મ.સા.ની ભવ્ય નિશ્રામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય ભુજ મધ્યે ભક્તામર સ્તોત્ર પૂજન રાખવામાં આવેલ.

તેમજ સાંજે ૬.૩૦ કલાકે સાંધ્ય ભક્તિનું ભવ્ય આયોજન કરવામાં આવેલ તેમજ સમસ્ત ભુજ જૈન સમાજ માટે સામૂહિક અઠમ તપનું આયોજન કરવામાં આવેલ. વિવિધ ધર્મ આરાધનાઓથી ભક્તિમય વાતાવરણ થઈ પર્યાવરણ પાવન સભર થઈ ગયું હતું. સહભાગી થનાર સૌને નવીન ઉર્જા પ્રાપ્ત થઈ હતી.











# અંબરનાથ અચલગચ્છ જૈન સંઘ આધ્યાત્મ યોગી ગુરૂદેવશ્રીની પુનિત પધરામણી

તા. ૬ જાન્યુઆરી બુધવાર રોજે આધ્યાત્મયોગી ગુરૂદેવ પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા. અદિઠાણા અંબરનાથ અચલગચ્છ જૈન સંઘમાં પોષ દસમીની આરાધના હેતુ પધારેલ. આ અવસરે સંઘના શ્રાવક શ્રાવિકાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રાવિકા બહેનોએ ગહુલી રચી અને શીર પર આકર્ષક ઘડા કળશ સાથે અને ઢોલ-શરણાઈ-ત્રાંસાના તાલે પૂજ્ય સાહેબોનું ધન્યતાથી સામૈયું કરાયું હતું.





# અંબરનાથ અચલગચ્છ જૈન સંઘમાં વર્ધમાન શક્રસ્તવ અભિષેક દ્વારા ધર્મ આરાધના થઈ

આધ્યાત્મ યોગી ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં અંબરનાથ અચલગચ્છ જૈન સંઘમાં તા.૮ જાન્યુઆરી શુક્રવારના રોજે પ્રભુ પાર્શ્વનાથ જન્મ કલ્યાણક નિમિત્તે વર્ધમાન શક્રસ્તવ અભિષેકનું આયોજન કરાયેલ. સકલ સંઘના શ્રાવક શ્રાવિકાઓની ધન્ય ભરી ઉપસ્થિતિથી ધર્મમય માહોલ થયો હતો. સૌ ધર્મ આરાધનામાં લીન થઈ લાભ લીધો હતો.



# અંબરનાથ સંઘમાં પાર્શ્વનાથ પ્રભુ મહોત્સવના પ્રથમ દિવસે યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નું મનનીય પ્રવચન




અંબરનાથ અચલગચ્છ જૈન સંઘમાં પાર્શ્વનાથ પ્રભુના મહોત્સવના પ્રથમ દિવસ તા. ૮ જાન્યુ. શુક્રવાર દિવસે યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખે સરળ અને જ્ઞાનભરી વાણીમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની સાધનાને જાણીએ અને માણીએ અંતર્ગત મનનીય વ્યાખ્યાન થયું. જેમાં પાર્શ્વનાથ પ્રભુની અઠમ શું કામ કરવામાં આવે છે? પોષ દશમીના એકાસણના પ્રથમ દિવસે સાકરનું પાણી અને દ્વિતીય દિવસે ખીરના એકાસણા શું કામ કરાય છે. પાર્શ્વનાથ ભગવાનને આદેય નામ કર્મના અનુબંધ કયા ભાવથી કરાય છે. તથા પાર્શ્વનાથ ભગવાનના જીવનમાં નેમિનાથ ભગવાનનું શું કનેક્શન રહ્યું એ બધી નવી જાણકારી પ્રવચન દ્વારા પ્રગટ થઈ ગુરૂદેવનું આ પ્રવચન હાર્ટ ટચીંગ હૃદયસ્પર્શી રહ્યું હતું.

# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, તેરા

કચ્છ પ્રાંતની મહાપંચતીર્થીના ઐતિહાસિક નગર તેરા તીર્થે તા. ૧૬ ફેબ્રુઆરી મંગળવાર રોજે જીરાવલ્લા દાદાની ૧૬૩મી અને શ્રી શામળીયા દાદાની ૨૦૦મી ધ્વજા લહેરાવાનો અવસર ઉમંગ પૂર્વક ઉજવાશે.

વર્તમાન કોરોના સમય કાળને ધ્યાનમાં લઈ શ્રી જીરાવલ્લા દાદા શ્રી શામળીયા દાદાની તથા શ્રી સ્હસ્ત્ર કૂટ જિનાલયની ધ્વજાની ઉછામણી તથા આ ત્રણે જિન બિંબોની અભિષેકની ઉછામણીઓ તા. ૧૭ જાન્યુઆરી રવિવારના સવારે ૯ કલાકે ઝૂમ મિટિંગ દ્વારા થશે જેની લીંક પછીથી મોકલવામાં આવશે.

અન્ય ધ્વજાઓ તથા અભિષેકના નકરાઓનું લીસ્ટની લીંક https://drive.google.com/drive/folders/1F2kK4tswUvNmtqqmCclalbmq-ugDFtdR છે જેને ટચ કરી આપનું નામ વહેલા તે પહેલાના ધોરણે નોંધાવવા માટે મુંબઈ અથવા તેરા ઓફિસે સંપર્ક કરી શકો છો.

કોરોનાને ધ્યાનમાં લઈ અને આ કાર્યક્રમ આપણે સાદાઈથી ઉજવીશું. ગત વર્ષે ધ્વજા પ્રસંગે મહામહોત્સવ ઉજવવાની વાત હતી તે આપણે સમય સંજોગો અનુસાર આવતા વર્ષે ઉજવી શકીશું એવી આશા છે. જેની નોંધ શ્રી તેરા, લાખણીયા, કુવા પદ્ધર અને ઘુફી ગામના પરિવારજનો અને નિયાણીના પરિવારજનો લે.

તેરા ઓફિસ ટેલીફોન : ૦૨૮૩૧-૨૮૯૪૩૩ તથા ૦૨૮૩૧-૨૮૯૨૨૩.

મુંબઈ ઓફિસ ટેલીફોન : ૦૨૨-૨૫૬૪૭૫૭૨.

# શ્રી ગોરેગામ સંઘમાં પોષ દશમીના દિવસીય આરાધના પ્રથમ દિવસે સ્નાત્ર મહોત્સવ રાખવામાં આવ્યા



તા. ૭ જાન્યુઆરી ગુરૂવારના દિને શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં પ.પૂ.શ્રી તીર્થરત્નસાગરજી મ.સા. આદિઠાણા ૩ની તારક નિશ્રામાં દશમીની ત્રિદિવસીય આરાધનાના પ્રથમ દિવસે સ્નાત્ર મહોત્સવની આરાધના ભવ્યાતી ભવ્ય રીતે થઈ.









# શ્રી સાંતાક્રુઝ વેસ્ટ અચલગચ્છ જૈન સંઘમાં પોષ દશમીની ધર્મ આરાધના થઈ









સાંતાક્રૃઝ વેસ્ટના અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સિદ્ધિ વર્ષાજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ભાગ્ય વર્ષાજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં તા. ૭ જાન્યુઆરી ગુરૂવારના દિવસે પોષ દશમીની પ્રથમ દિવસની ભવ્ય રીતે આરાધના કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓનો ઉત્સાહભેર ઉપસ્થિતિ અને ઉમંગભર્યા ભાવથી માહોલ ધન્ય ધન્ય થયો હતો.



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**


UNLOCK YOUR BUSINESS
Under KDO B2B Platform
To boost your business is only KDO B2B's motto
Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis
Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.
Home operate business also can be advertised
POST YOUR
FREE ADS
KDO
BUSINESS
For further information please call 90990 41414 (Sheetal Dhulla)

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ભુજમાં પોષી દશમીની અઠ્ઠાઈની આરાધના કરાઈ





કલિકાલ કલ્પતરૂ પ્રગટ પ્રભાવી અચિંત્ય ચિંતામણી શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના જન્મ દીક્ષા કલ્યાણ પ્રસંગે ૪૧૪ વર્ષ પ્રાચીન શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ભુજ મધે ૨૭ વર્ષથી પોષી દશમીની અઠ્ઠમની આરાધના કરાવવામાં આવે છે.

આ પ્રસંગે પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા. આદિઠાણા ૭નો તા. ૬ જાન્યુઆરી બુધવારના દિવસે વાજતે ગાજતે પ્રવેશ થયો. જ્યાં પ.પૂ.મ.સા. દ્વારા માંગલિક પ્રવચન તેમજ અઠ્ઠમની પ્રેરણા કરવામાં આવેલ ત્રિદિવસીય જિનેન્દ્ર મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. પ્રભુજીના જન્મ કલ્યાણના શ્રી ભક્તામર સ્નાત્ર પૂજન રાખવામાં આવેલ છે. તેમજ દરરોજ સવારે પ્રભાતિયાં તેમજ ભક્તામર સ્ત્રોતનો પાઠ અને રાત્રે પ્રભુજીની અંગ રચના તેમજ ભક્તિભાવનું આયોજન કરવામાં આવેલ છે.

# દર પુષ્પ નક્ષત્રમાં થનાર સિદ્ધચક્ર તથા મહાલક્ષ્મી આરાધનાને મળ્યો બહોળો પ્રતિસાદ

અજોડ શાસન પ્રભાવક સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગર સૂરિશ્વરજી મ.સા.ના શુભાશીર્વાદથી એવમ પ.પૂ.મુનિશ્રી કલ્પતરૂસાગરજી મ.સા.ના માર્ગદર્શનથી દર પુષ્પ નક્ષત્રમાં થનાર સિદ્ધચક્ર તથા મહાલક્ષ્મી આરાધનામાં સેંકડો આરાધકો અત્યાર સુધી જોડાઈ ગયા છે. સંઘ સમાજ તરફથી અઢળક પ્રતિસાદ મળ્યો છે. સાથ સહકાર આપનાર દરેક સંઘના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓની ભૂરિ ભૂરિ અનુમોદના.

રૂા.૯૦૦ની કિંમતવાળા સર્વકામના સિદ્ધિદાયક મહાલક્ષ્મી યંત્ર આકર્ષક અને પ્રભાવશાળી છે તે તૈયાર થઈ ગયેલ છે. પ.પૂ.સાહેબ આ યંત્રને પૂષ્પ નક્ષત્રમાં અભિમંત્રિત કરશે.




**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# ONE STEP TOWARDS AATMANIRBHAR KDO NARI

Samast Mahajan KDO Swaroj Team & Samast Mahajan KDO Women Empowerment Committee are pleased to announce support of Sewing Machines to Women aspiring to be Aatmanirbhar!

THANK YOU FOR ALL THE SUPPORT AS DONERS-

**HEMABEN G CHHEDA & JAYSHRI K DAND**





**Highly Needy KDO family can apply for Sewing Machine || Application to be made to KDO SWAROJ TEAM**

**Contact: Ms Sheetal Dhulla @ 9099041414 / Mr Manish Bhai @ 7506070851**

☆ Nishit Dand || Adv. Minal B Khona || Viraj Dhulla || Khyati Dharamshi || Divya Momaya || Mahima Dand ☆



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ગુજરાત યુનિવર્સિટીની બોટની વિભાગની બોટ નિકલ્સ સોસાયટી દ્વારા આયોજિત ''ટેકનો લોજિકલ ઈન્ટરવેન્શન ઈન પ્લાન્ટસ ફોર હેલ્થ'' થીમ સાથેની પોસ્ટર સ્પર્ધામાં ભુજની યુવતી હિમાંશી ઠક્કરને બર્ડિંગ રિસર્ચર-ઊગતા સંશોધકનો એવોર્ડ મળ્યો છે. રાષ્ટ્રીય વેબિનાર દરમ્યાન આ પોસ્ટર સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કચ્છને ગૌરવ અપનાવનારી હિમાંશી અમદાવાદની એમ.જી. સાયન્સ કોલેજમાં ટી.વાય.બી.એસ. સી.માં અભ્યાસ કરે છે તેણે અશ્વગંધા, ગોખરૂ, ગૂગળ જેવી દેશી ઔષધિઓ પર પોસ્ટર તૈયાર કર્યું હતું.

● કોવિડની કપરી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓની મનોદશા ધ્યાનમાં લઈને બાળકો માનસિક તાણમાંથી બહાર આવે અને પોતાની ટેલેન્ટ પ્રત્યે જાગૃત થાય એ હેતુસર ડિજિટલ ટેલેન્ટ શોનું આયોજન માધાપરના શ્રદ્ધા સ્કૂલ એન્ડ કોલેજએ આયોજન કર્યું હતું. ૬ થી ૧૦ વર્ષ અને દસ વર્ષની ઉપરની ઉમરના બાળકો વય ગ્રૂપ મુજબ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. નૃત્ય, એકપાત્રી અભિનય, વાજિંત્ર, કુકીંગ, ગાયન, ચિત્રકામ, વક્તૃત્વ પ્રવૃતિઓનો સમાવેશ કરાયો હતો. વિજેતા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

● ગુજરાત વન વિભાગ દ્વારા કાળિયાર રાષ્ટ્રીય ઉધાન વેળાવદર ખાતે રાષ્ટ્રીય સ્તરની તસવીર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીધામના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર પ્રતીક વિનોદભાઈ જોષીની તૃતીય સ્થાને પસંદગી થઈ હતી. કચ્છની સિયોત સ્થિત બૌધ્ધ ગુફા નજીકથી જંગલી બિલાડી જોડીની હરકત તેમણે કેમેરામાં કેદ કરી હતી. સાંજના સમયે પ્રાણીઓની આ ચેષ્ઠા રસ્તાને બ્લોક કરી નાખ્યો હતો. આ દ્રશ્યનો ફોટો રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થયો હતો.

● નખત્રાણા તાલુકાના નાની બન્ની વિસ્તારના તલવાંઢ ગામમાં એક ભેંસ નહીં પણ પાડી વિક્રમી કિંમતે વેંચાઈ હતી. તલવાંઢના જાનભજતે ૨૪ મહિનાની જાતવંત પાડી રૂ.૪ લાખ એકાવનમાં વેંચી હતી. ગજાવાળી, દેખાવમાં સુંદર અને ઊંચા કુળની આ પાડી અમદાવાદના માલધારી રબારી નાથાભાઈને પસંદ પડી જતાં તેની કિંમત લાખેણી થઈ હતી.

● મુંદ્રા તાલુકાના રામણિયા ગામે જૂનાવાસ સ્ટેશન ચોકમાં ગીતાબેન રાંભિયા સ્મૃતિ સ્મારકનું ભૂમિપૂજન કરાયું. સ્મારક ફરતે બગીચો બનાવવા માટે પણ પાયાવિધિ કરાઈ હતી. સત્યાવીસ વરસ પહેલા અમદાવાદમાં અહિંસા માટે અને અબોલ જીવોને બચાવવા શહીદી વહોરનાર ગીતાબેન રાંભિયાના ટ્રસ્ટ દ્વારા આજે પણ લાખો જીવોને બચાવવામાં આવે છે તથા અમદાવાદ ખાતે કચ્છીઓને રહેવા તથા જમવાની સગવડ પૂરી પાડવામાં આવે છે તેમજ મેડિકલ ક્ષેત્રે પણ સહયોગ આપવામાં આવે છે.

● વોકલ ફોર લોકલના હેતુને લઈને કચ્છના કારીગરો કચ્છની ત્રણ પ્રસિદ્ધ કળા પ્લાસ્ટિક વિવિંગ, અજરખ અને હરી ઝરી રબારી કલા સાથે લોકલ ગિફ્ટ બોક્સ બનાવ્યા છે. કારીગરી કલિનિકના નિલેશ પ્રિયદર્શીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતુ કે આ ગિફ્ટ બોક્સમાં અન્ય કળાના કારીગરોને સાથે જોડવામાં આવશે જાણીતી ગાયિકાઓ કિંજલ દવે અને ગીતાબેન રબારીના હસ્તે આ ભેટ બોક્સને ખૂલ્લાં મૂકવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ નિર્માણમાં મુખ્ય ચાર જાણીતા કારીગરો પાબીબેન રબારી, રાજીબેન વણકર, જ્યોત્સનાબેન અને જબલભાઈ સાથે જુદા જુદા ૧૦૦ જેટલા પરિવારો સંકળાયેલા છે. એક માસના ગાળામાં ભારતના અન્ય રાજ્યોની સાથે અમેરિકા બ્રિટનથી નાતાલના તહેવાર માટે સારા પ્રમાણમાં ઓર્ડર પ્રાપ્ત થયા હતા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રતનબાઈ પોલડીયા**
તા.૨ જાન્યુ. (ઉ.૭૭)
લુણી-ચાલીસગામ



**હરીશ મૈશેરી**
તા. ૪ જાન્યુ. (ઉ.૬૧)
સિંધોડી નાની-ડોંબિવલી(ઈ)



**શ્રેણીક મોમાયા**
તા. ૪ જાન્યુ. (ઉ.૬૫)
બારોઈ-મુલુંડ(વે)



**જયાબેન મોતા**
તા.૭ જાન્યુ (ઉ.૮૮)
નલિયા-ડોંબિવલી



**કુસુમબેન નાગડા**
તા. ૫ જાન્યુ (ઉ.૬૫)
રંગપુર-ડોંબિવલી



**રીખબચંદ ધરમશી**
તા. ૮ જાન્યુ (ઉ.૭૬)
સુથરી-મસ્જીદ બંદર



**કલ્યાણજી લોડાયા**
તા.૦૮ જાન્યુ. (ઉ.૮૦)
સાંયરા-કાંજુરમાર્ગ



**શાંતિલાલ મૈશેરી**
તા.૦૮ જાન્યુ. (ઉ.૬૭)
મોટી સિંધોડી-હૈદરાબાદ



**રમેશ ધરમશી**
તા. ૯ જાન્યુ (ઉ.૬૬)
રંગપુર-ડોંબિવલી



**શા. રસિક લોડાયા**
તા. ૯ જાન્યુ (ઉ.૭૬)
સાંધવ-મુલુંડ



**જમકુબાઈ પોલડીયા**
તા.૧૦ જાન્યુ. (ઉ.૮૩)
બાયઠ-વાડાકારા



**પ્રવિણચંદ્ર મોમાયા**
તા.૧૦ જાન્યુ. (ઉ.૮૭)
મોટી સિંધોડી-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો**
**વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5,500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**